# એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલય તા.૧૦/૪/૦૮ના રોજ મળેલી એક સભા

આજ રોજ તા.૧૦/૪/૦૮ના રોજ બપોરે ૩.૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં કોન્ફરેન્સ હોલમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની દ્વિતીય બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહયા હતા.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. કે.વી.ગોર<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર | ગેરહાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>સદસ્યશ્રી, માંડવી નગરપાલિકા | હાજર |
| ડૉ. એચ.કે.કાકરાની,<br>આચાર્યશ્રી, તોલાણી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી, આદિપુર | હાજર |
| શ્રી પી.એમ.ભટ્ટ,<br>આચાર્યશ્રી, જે.બી.ઠક્કર કોમર્સ કોલેજ, ભૂજ | હાજર |
| શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેકટરશ્રી, અંજાર એજયુકેશન સોસાયટી, અંજાર | હાજર |
| શ્રી મહેશભાઈ આહિર,<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ | હાજર |
| શ્રી અનિલ એચ.ગોર (કુલસચિવશ્રી, કચ્છ યુનિવર્સિટી)<br>મેમ્બર સેક્રેટરીશ્રી | હાજર |

યુનિવર્સિટી કાર્યાલયમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની આજરોજ મળેલી દ્વિતીય મિટિંગમાં ઉપસ્થિત રહેલા તમામ સભ્યશ્રીઓનું કુલપતિશ્રીએ સ્વાગત કર્યુ હતુ ત્યારબાદ રજીસ્ટ્રારશ્રીને એજન્ડા અનુસાર મિટીંગ આગળ ધપાવવા આદેશ કરેલ.

સભામાં જે ચર્ચા વિચારણા થઈ અને જે નિર્ણયો/ઠરાવ કરવામાં આવ્યા તે નીચે મુજબ છે.

## ૧) ગત મિનિટ્સને બહાલી.

કુલસચિવશ્રીએ સર્વ સભ્યોની અનુમતિથી ગત તા. ૨૮/૩/૦૮ના રોજ મળેલી મિટીંગની મિનિટ્સનું વાચન કર્યુ હતું. જેમાં ચંદ્રીકાસિંહ સોમવંશીના મુદ્દે વિસ્તૃત ચર્ચા થઈ હતી અને યુ.જી.સીના પત્રો, પરિપત્રો જોતા ગત મિટીંગમાં લેવાયેલા નિર્ણયને સમિતિએ યોગ્ય ઠરાવ્યો હતો તથા તે નિર્ણયનેજ આખરી રાખવા ઠરાવવામાં આવ્યુ હતું.

ત્યારબાદ ગત મિટિંગની મિનિટ્સને ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓએ સર્વાનુમતે બહાલી આપી હતી. ત્યારબાદ એજન્ડા મુજબ આજની મિટિંગ આગળ વધી હતી.

## ૨) યુનિવર્સિટીની ફાઈનાન્સ કમિટિ રચવા અંગે

(નોંધઃ– યુનિવર્સિટીમાં ફાઈનાન્સ કમિટિની રચના કરવામાં આવી. જેમાં તા.૨૮/૩/૦૮ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ત્રણ સભ્યોની નિયુકિત કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. તેમજ કુલ પાંચ સભ્યોમાં બે સભ્યો ઘટતા હોય તે બે નામ ઉમેરવા ચર્ચા થયેલ. ચર્ચાના અંતે હાલ પુરતા ત્રણ સભ્યોના નામો જે નકકી કરવામાં આવ્યા તે રાખવા અને ભવિષ્યમાં જરૂર જણાય તો વધુ બે નામો વિચારવા અંગે નિર્ણય લેવામાં આવ્યો).

### ઠરાવ નં.૧

યુનિવર્સિટીની ફાઈનાન્સ કમિટિમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના જે ત્રણ સભ્યો નિમવામાં આવ્યા છે તે ઉપરાંતના હાલ કોઈ વધારે સભ્યો ન નિમવા અને જરૂરી જણાય તો તે અંગે ભવિષ્યમાં વિચાર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. પરિણામે નીચે મુજબના સભ્યશ્રીઓની ફાયનાન્સ કમિટિ રહેશે.

૧. કુલપતિશ્રી (અધ્યક્ષ)
૨. ઉપકુલપતિશ્રી (જો હોય તો)
૩. શ્રી પી. એમ. ભટ્ટ
૪. શ્રી અનિરૂદ્ધભાઈ દવે
૫. શ્રી ચિન્મોય બેનર્જી

## ૩) તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુરની એમ.એ. (હિન્દી વિષયમાં) અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવાની અરજી બાબત.

(નોંધઃ– તા.૨૮/૩/૦૮ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સમિતિમાં અરજી આવ્યા બાદ નિર્ણય લઈએ તેવું નકકી થયેલ જેનાં અનુસંધાને કોલેજે નિયત ફોર્મમાં નિયત જોડાણ ફી રૂ.૨૫૦૦૦/ સાથે અરજી કરેલ છે. તેમની માંગણી મુજબ તેઓ વર્ષ ૨૦૦૮–૦૯થી એમ.એ. હિન્દી શરૂ કરવા માંગે છે તે બાબતે ચર્ચા વિચારણા.

તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુર એમ.એ. (હિન્દી) શરૂ કરવા સક્ષમ છે કે કેમ? , સેલ્ફ ફાઈનાન્સ શરૂ કરવા માંગે છે કે કેમ? તે તપાસવું. આ માટે લોકલ ઈન્કવાયરી કમિટિ અને તેનો રિપોર્ટ મળ્યા બાદ નિર્ણય કરવો. એલ.આઈ.સી. પહેલા Needbase committee ની રચના કરવી. આ કમિટિ કોલેજ હિન્દી વિષય શરૂ કરવા સક્ષમ છે કે નહી તેનું મૂલ્યાંકન કરશે. કોલેજમાં પૂરતા પ્રમાણમાં વર્કલોડ મુજબ અધ્યાપકો મળી રહેશે કે કેમ?, વિદ્યાર્થીઓની સંખ્યા મળી રહેશે?, વગેરે બાબતો Need committee તપાસ કરી રીપોર્ટ આપશે એવું નકકી કરવામાં આવ્યું. આ માટે Need committee રચવામાં આવી જેમાં ત્રણ સભ્યોની નિયુકિત કરવામાં આવી.

ઠરાવ ક્રમાંકઃ–૨

**Need committee ના સભ્યો**

૧) **શ્રી પી.એમ.ભટ્ટ**
૨) **શ્રી ચિન્મોય બેનર્જી**
૩) **શ્રી મહેશભાઈ આહિર**

ઉપરોકત ત્રણ સભ્યોની નીડ કમિટિ તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુર એમ.એ. (હિન્દી) શરૂ કરવા સક્ષમ છે કે કેમ? તેના વિવિધ પાસાઓની તપાસ કરશે. ત્યારબાદ કાઉન્સિલને રિપોર્ટ આપશે જેના આધારે એલ.આઈ.સી. નિમવા અંગે વિચારી યોગ્ય જણાય તો નવા સત્રથી એમ.એ. હિન્દી માટે મંજુરી આપવા અંગે વિચારણા કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૪) યુનિવર્સિટી બાંધકામ બાબતે જે અધુરાશો રહેલ છે તે બાબત :–

(નોંધઃ– ગત એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મિટિંગમાં થયેલ ચર્ચા વિચારણાના અનુસંધાને R & B સાથે માનનીય કુલપતિશ્રી નકકી કરે તે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યો ચર્ચા વિચારણા કરે અને જે બાંધકામને લગતી અધુરાશો બાકી છે તે પૂર્ણ કરવા R & B સાથે તા.૧૦/૪/૦૮ના યોજાયેલ મિટિંગમાં થયેલ ચર્ચાના અનુસંધાને ચર્ચા–વિચારણા)

યુનિવર્સિટીની EC કમિટીના R&B સમિતિના સભ્યશ્રીઓએ R&B- ભૂજ ના અધિકારીશ્રીઓ સાથે તા.૧૦–૪–૨૦૦૮ નાં રોજ સવારના ૧૧–૦૦ કલાકે યોજેલ મિટિંગમાં થયેલ ચર્ચાની બ્રીફ સમિતિ સમક્ષ મૂકેલ. જે બાબતે ચર્ચા વિચારણા હાથ ધરાયેલ.

યુનિવર્સિટીના બાંધકામમાં જે અધુરાશો રહેલી છે તે પૂર્ણ કરવા અંગે ચર્ચા–વિચારણા કરવામાં આવી. જેમાં યુનિવર્સિટી સંકુલમાં કેટલી બિલ્ડીંગો છે અને શુ શુ અધુરાશો આ બિલ્ડીંગોમાં રહી ગઈ છે તે વિશે વિસ્તૃત ચર્ચા થઈ. યુનિવર્સિટીના ડેપ્યુટી ઈજનેર શ્રી નરેશ નાગ્રેચાની ઉપસ્થિતિમાં તમામ બાબતો ઝીણવટપૂર્વક ચર્ચવામાં આવી.

યુનિવર્સિટીના બાંધકામ માટે એક બાંધકામ સમિતિની રચના કરવામાં આવી. જેમાં કુલ ચાર સભ્યોની ટીમ તૈયાર કરવા ઠરાવવામાં આવી જેમાં યુનિવર્સિટીના ડેપ્યુટી ઈજનેરશ્રી શ્રી નરેશ નાગ્રેચાની નિયુકિત કરવા શ્રી પી.એમ.ભટ્ટ સાહેબે જણાવ્યુ.

**ઠરાવ ક્રમાંક:– ૩**

**બાંધકામ સમિતિના એકઝિકયુટિવ કાઉન્સીલની બનેલી સમિતિ ઉપરાંત નીચે મુજબના સદસ્યો રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

**૧) એકિઝકયુટિવ ઈજનેરશ્રી R & B ડિવિઝન ભૂજ**
**૨) ડેપ્યુટી ઈજનેરશ્રી R & B Electrical,ભૂજ**
**૩) કન્સલટન્ટશ્રી**
**૪) ડેપ્યુટી ઈજનેર શ્રી નરેશ નાગ્રેચા**

**અધ્યક્ષશ્રીની પરવાનગીથી નીચે મુજબની ચર્ચાઓ પણ મિટિંગમાં કરવામાં આવી હતી.**

**૧) કોર્ટની બેઠક બોલાવવા અંગે :–**

યુનિવર્સિટી કોર્ટની રચના થયા બાદ કોર્ટ મેમ્બર્સની બેઠક બોલાવવી પડે જે અંગે ચર્ચાના અંતે આંગામી તા. ૨/૫/૦૮ના રોજ બેઠક બોલાવવા અંગે મિટિંગમાં ચર્ચા કરવામાં આવી.

ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક:–૪**

**આગામી તા.૨/૫/૦૮ના રોજ યુનિવર્સિટી કોર્ટની એક બેઠક બોલાવવામાં આવે છે અંગે ૧૪ એપ્રિલ સુધીમાં પ્રસ્તાવો મંગાવી લેવા અને તેના જવાબ તૈયાર કરી મોકલી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

**૨) નવા અભ્યાસક્રમોને પ્રસિધ્ધી અપાવવા અંગે:–**

યુનિવર્સિટીના આગામી સત્રથી શરૂ થતા નવા અભ્યાસક્રમો જેવા કે એમ.એડ. એમ.એસ.સી. ઈન અર્થ એન્ડ એનવાર્યમેન્ટલ સાયન્સની બહોળી પ્રસિધ્ધી થાય તે અં ચર્ચા કરવામાં આવી અને ખાસ કરીને અર્થ એન્ડ એનવાર્યમેન્ટલ સાયન્સના અનુસ્નાત અભ્યાસક્રમને બહોળી પ્રસિધ્ધી અપાવવી.

આ અંગે માધ્યમોનો પૂરેપૂરો ઉપયોગ કરવા નિર્ણય કરવામાં આવેલ.

૩) **ઈન્ટરવ્યુ કમિટિ અંગે :–**

યુનિવર્સિટીમાં અધ્યાપકોની નિમણૂંક માટે જાહેરાત આપવામાં આવેલ છે અને તે અનુસંધાને અરજીઓ આવી ગયા બાદ કોઈ ચોક્કસ તારીખે ઈન્ટરવ્યુ નક્કી કરવામાં આવશે તે માટે ઈન્ટરવ્યુ કમિટિની રચના કરવી પડશે. પરંતુ હાલમાં યુનિવર્સિટીના પ્રથમ સ્ટેચ્યુટ્સ બાકી હોય યુ.જી.સી.એ ઈન્ટરવ્યુ પ્રક્રિયા માટે જે પસંદગી સમિતિનું માળખું આપેલ છે તે અપનાવવાથી સરળતા રહેશે. આ બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી અને આગામી બેઠકમાં આ બાબતે ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવાનું નક્કી કરવામાં આવ્યું.

-----------------X---------------------X--------------

## તા.: ૨૮/૩/'૦૮ ની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધમાં સુધારો :

~~એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા.:૨૮/૩/'૦૮ ની મિટિંગમાં બાંધકામ~~ બાબતે ચર્ચાયેલ મુદ્દો મિનિટ્સ નોંધમાં રહી જવા પામેલ જે નીચે મુજબ છે. અધ્યક્ષસ્થાનેથી રજૂ થયેલ આ મુદ્દો સૌ સભ્યશ્રીઓએ ધ્યાને લેવા નમ્ર વિનંતી.

૯. માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને મળેલ મિટિંગમાં યુનિવર્સિટી કેમ્પસ પરના બાંધકામની જે અધૂરાશો છે તે જલ્દીથી પૂર્ણ કરાવવા માટે R & B, ભૂજ સાથે સમયાંતરે બેઠકો હાથ ધરી તાત્કાલિક અસરથી અધૂરાશો પૂર્ણ થઈ શકે તે હેતુથી એક્ઝિક્યુટીવ કાઉન્સિલના નીચે દર્શાવેલ સભ્યશ્રીઓની એક સમિતિ (સ્થાનિક સભ્યોની) બનાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું જેમાં સભ્યશ્રીઓ તરીકે..

૧. કુલપતિશ્રી (અધ્યક્ષ)

૨. શ્રી મુકેશભાઈ ઝવેરી

૩. શ્રી અનિરૂદ્ધભાઈ દવે

૪. શ્રી પી. એમ. ભટ્ટ

૫. શ્રી મહેશભાઈ આહિર ના નામો નકકી કરવામાં આવ્યા.

આ સમિતિના સભ્યશ્રીઓને, R & B, ભૂજના અધિકારીશ્રીઓ સાથે કેમ્પસ પરની અધૂરાશો પૂર્ણ કરવા તેમજ વિદ્યાર્થીઓને અનુરૂપ સુવિધાપૂર્ણ કેમ્પસ તૈયાર કરાવવા બાબતે ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવાની સંપૂર્ણ સત્તા સોંપવામાં આવી.

કુલસચિવ

જા.નં.:ક્યુ/મિનિટ્સ/ ૦૮/709
તા.:– ૫/૪/'૦૮

પ્રતિ,
શ્રી .પ્રો. ~~કલ્પેશ. ગોર~~..........
..રજીસ્ટ્રારશ્રી,...............
..કચ્છ..યુનિવર્સિટી,.........